Gujarat Civil Judge (Mains) 2016

PAPER – III (GUJARATI LANGUAGE) · compulsory paper

19.03.2017 · 1½ Hours · 50 Marks

સૂચના : દરેક પ્રશ્નનો ઉત્તર અલગ ઉત્તરવહીમાં આપવો.

૧ નીચેનાં વાક્યોમાંની જોડણી ભૂલો સુધારીને ફરીથી લખો : (ગમે તે આઠ) [4 marks]

(૧) કોમલ વર્ગખંડમાં હોશિયાર વિધાર્થીની છે.

(૨) સોહનનું વ્યક્તિત્વ નીરભિમાનિ છે.

(૩) કરીશ્મા પ્રતિકૂળ પરિસ્થિતીમાં પણ સ્વસ્થ રહે છે.

(૪) કમલેશભાઈ મંડળના પ્રતિનીધી તરીકે આવ્યા છે.

(૫) તેઓ સહાનુભૂતીથી સેવાકાર્યો કરે છે.

(૬) વિધાર્થીઓએ વર્ગખંડ સૂસોભીત કર્યો હતો.

(૭) તેમનું સ્થાન નિલગિરી પર્વતમાં છે.

(૮) હું તેના માટે ખૂબ દિલગીર છું.

(૯) સૌરભે એન્જિનિઅર મારફત પ્લાન બનાવડાવ્યો.

૨ નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ દર્શાવી તેનો વાક્યમાં પ્રયોગ કરો : (ગમે તે ચાર) [8 marks]

(૧) વ્યોમ

(૨) અરુણોદય

(૩) લલિત

(૪) તાસીર

(૫) ગ્રંથી

(૬) વિભૂષિત

૩ નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ દર્શાવી તેનો વાક્યમાં પ્રયોગ કરો : (ગમે તે ચાર) [8 marks]

(૧) મ્લાન

(૨) વિરક્તિ

(૩) પરલક્ષી

(૪) ઉન્નતિ

(૫) એકાંગી

(૬) સાવધ

૪ નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ જણાવી વાક્યમાં પ્રયોગ કરો : (ગમે તે પાંચ) [10 marks]

(૧) જીવ તાળવે ટીંગાઈ રહેવો

(૨) રાખ વળી જવી

(૩) કંઠે ભુજાઓ રોપવી

(૪) હેલારે ચઢવું

(૫) ગોદડે ગાંઠ વાળવી

(૬) કાળા અક્ષર કુહાડે મારવા

(૭) ગંગામાં જળ વહી જવું

૫ નીચેના ફકરાનું ગુજરાતીમાં ભાષાંતર કરો : **[10 marks]**

In the light of the provisions of Section 363 read with Section 361 of the Indian Penal Code, the first question that arises for consideration is as to whether the age of the victim was under eighteen years at the time of the incident so as to fall within the ambit of Section 361 of the Indian Penal Code. The evidence on record reveals that a school leaving certificate came to be produced at Exhibit 20 wherein the birth date of the victim is shown to be 5th October, 1982. In the present case, the alleged offence is stated to have been committed on 6th March, 1999. Therefore, if the age of the victim is computed on the basis of the age as stated in the school leaving certificate, she is clearly below eighteen years of age. However, the record further reveals that prior to getting married to the accused, an ossification test of the victim and the accused had been carried out which reveals that the age of the victim was nineteen years. Subsequently, a medical test of the victim came to be carried out and as per the medical report (Exhibit 13), the victim was nineteen years of age. The trial court, in the impugned judgment has chosen to place reliance upon the medical report rather than school leaving certificate. What is required to be, therefore, examined is as to whether the trial court was justified in giving more weightage to the medical certificate at Exhibit-13 rather than the school leaving certificate. The record reveals that the school leaving certificate at Exhibit 20 has been produced on record by one Ranjanben Girdharbhai Upadhyay, Assistant Teacher at the Kashibai Vijkorbai Girls School No. 1, Rajula. The said witness has deposed that the date of birth of the victim as entered in the school register is 5th October, 1982.

૬ નીચેના ફકરાનો અંગ્રેજીમાં અનુવાદ કરો : **[10 marks]**

આ કામે પડેલ પુરાવાને સમગ્રપણે જોતાં ફરિયાદીએ કોર્ટમાં કરેલ ફરિયાદ ઉપર અમારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૬(૩) મુજબની ફરિયાદ દાખલ કરી પોલીસ તપાસ કરવાનો હુકમ કરવામાં આવેલ. આ કામની અસલ ફરિયાદ (આંક-૧૯) ફરિયાદણ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે, જેમાં ફરિયાદીની સહી છે. આ ફરિયાદ અને પડેલ પુરાવાની સરખામણી કરતાં ફરિયાદ, ફરિયાદણની જુબાની અને ફરિયાદપક્ષના અન્ય સાહેદોની જુબાનીઓ વચ્ચે ગંભીર વિરોધાભાસ જણાઈ આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કામે કોઈ અરજદારણના ભરણપોષણના મુદ્દાનો કે છૂટાછેડાનો નિર્ણય કરવાના અર્થે અરજદારણને પોતાના પતિનો ત્યાગ કરવા માટે પૂરતાં અને વાજબી કારણ હતાં કે કેમ તે તપાસવાનો મુદ્દો નથી. પરંતુ ઇન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૮(ક)માં સમાવિષ્ટ તત્ત્વો આ કામે આરોપીઓની વિરુદ્ધ પુરવાર થાય છે કેમ તેના ન્યાયિક નિર્ણયનો મુદ્દો છે. ભરણપોષણનો કે છૂટાછેડાનો ન્યાયિક નિર્ણય કરવો એ અનુક્રમે અર્ધ-દીવાની અને દીવાની પ્રક્રિયા છે જ્યારે આરોપી વિરુદ્ધ ગુનાની કાર્યવાહી ચલાવવી તે ફોજદારી પ્રક્રિયા છે. ફોજદારી પ્રક્રિયામાં પુરાવાનું સ્તર તે દીવાની પ્રક્રિયાના પુરાવાના સ્તર કરતાં ઊંચું છે અને તે નિઃશંકપણે માની શકાય તેમ હોય તે મહત્ત્વની આવશ્યકતા છે. તે દૃષ્ટિથી જ આ કામે પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે. આ કામે ફરિયાદીએ પોલીસ સ્ટેશને નહીં પરંતુ કોર્ટમાં લેખિત ફરિયાદ કરેલ છે. વળી ફરિયાદી પોતાની જુબાનીમાં એ વાતને વળગી રહે કે મારી ફરિયાદ મેં જ લખેલ છે.